અપીલ અરજી નં.૧૧ તા.૯–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નાનાલાલ મૂળચંદ બોરીવાલ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નાનાલાલ મૂળચંદ બોરીવાલની તા.૬–૨–૧૦ ની અરજીથી આર્વીભાવ સોસાયટી નં.૧ ની પૂરી વિગત અને નામફેરની નકલ સાથેની વિગતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧૧/૨૦૧૦–૧૧

શ્રી નાનાલાલ મૂળચંદ બોરીવાલની તા.૬–૨–૧૦ ની અરજીથી આર્વીભાવ સોસાયટી નં.૧ ની પૂરી વિગત અને નામફેરની નકલ સાથેની વિગતની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૨૦૬૬ તા.૪–૩–૧૦ થી આપેલ માહિતી યોગ્ય અને કાયદેસરની મળ ેલ ન હોવાનું જણાવી પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦ તા.૧૯–૪–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફીની વિગત રજુ કરેલ નથી જે રજુ કરવા તથા સદર પ્લોટમાં તેમનો હિસ્સો–હક હોવાના દાવા અંગે આધાર પણ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૮૧ તા.૨૭–૪–૧૦ થી નોંધ વિભાગ, અરજદારનુ મુળ અરજીની નકલ, ત્રાહિત વ્યકિતને કલમ–૧૧ હેઠળ પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૩૮ તા.૧૬–૨–૧૦ થી પાઠવેલ પત્રની નકલ તથા તેના યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ , જે અંગે અરજદારે તા.૧૯–૨–૧૦ ના લીધેલ વાંધા અંગેના પત્રની નકલ, અરજદારને આપવામાં આવેલી માહિતી અંગેના પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૦૬૬ તા.૪–૩–૧૦ ના પત્રની નકલ, તથા તેના યુપીસી કર્યા અંગેના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૬–૨–૧૦ ની અરજીથી પ્લોટ નં.૧૮૦ આ વીભાવ સોસા.–૧ પૂરી વિગત અને નામફેરની નકલો સાથે વિગતો માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૩૮ તા.૧૬–૨–૧૦ થી સદર પ્લોટ નં.૧૮૦ આર્વિભાવ સોસા.–૧ જેનો ટેના નં.૩૦એ–૦૧–૧૯૮૧–૦–૦૦૧ છે તેના નામફેર નકલની માંગણી કરેલ છે. આકારણી દફતરે સદર પ્લોટ ઉપર કબ્જેદાર શ્રી કાલુરામ ઉર્ફે અમિત બંસીલાલ બોરીવાલ વિ. ને ત્રાહિત વ્યકિત તરીકે માહિતી આપવી કે કેમ તે અંગે પત્ર પાઠવી તા.૨૬–૨–૧૦ સુધીમાં અભિપ્રાય આપવા જણાવેલ. જે બાબતે ત્રાહિત વ્યકિત તરફથી તા.૧૯–૨–૧૦ ના રોજ તે અંગે વાંધો નોંધાવવામાં આવેલ છે જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત પક્ષકારે માહિતી આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી નહીં આપવા જણાવેલ હોઈ આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી આપવાનો હું ઈન્કાર કરું છું તેવો નિર્ણય અરજદારનેપત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૦૬૬ તા.૪–૩–૧૦ થી જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૯–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી સદર પ્લોટ નં.૧૮૦ આર્વિભાવ સોસા.–૧ માં મારા પિતાજી મુળચંદભાઈ કિશોભાઈ બોરીવાલના નામે ચાલી આવેલ હતો જે સુરત મહાનગરપાલિકાના રેકર્ડ પર મારા ભાઈ શ્રી બંસીલાલના પુત્ર શ્રી અમિતકુમાર ઉર્ફે કાલુરામ બંસીલાલ બોરીવાલના નામે કઈ રીતે થયો તેમાં ફ્રોડ કરવામાં આવેલ છે તેવું મારું માનવું છે. મારા પિતાશ્રી હયાત છે જેમાં અમો અરજદારના અડધા હિસ્સાના ભાગીદાર છીએ આથી આ માહિતી માંગવાનો આરટીઆઈ હેઠળ હક છે. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદારને અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦ તા.૧૯–૪–૧૦ થી અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ની વિગત તથા સદર પ્લોટમાં આપનો હિસ્સો હક હોવાના દાવા અંગે આધાર રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે પોતાના હિસ્સાના હક અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સને ૨૦૦૧–૨૦૦૨ નું બાબત હેઠળની મિલ્કતના વેરાબીલની નકલ જેમાં કબ્જેદાર તરીકે મુળચંદભાઈ કિશોભાઈ બોડીવાલાનું જણાવેલ છે. તેની નકલ સંદર્ભ હેઠળ મળેલ છે. તે જોતાં અરજદારના દાવા તેમની મિલ્કતમાં પિતાનો હિસ્સો હોવા અંગે પ્રથમદર્શી કારણ ગણી શકાય.

વધુમાં અરજદારની માંગણી નામફેર કેવી રીતે થયું? તે અંગેની છે. જયાં સુધી જાહેર સત્તા મંડળે હાથ ધરેલ પ્રક્રિયાને સબંધ છે ત્યાં સુધી આરટીઆઈ એકટના આમુખથી ચરિતાર્થ થયેલ પારદર્શિતાના હેતુને ધ્યાને લેતાં નામફેરની પ્રક્રિયાના કાગળો જાહેર સ્ત્રોત હેઠળ આવે. કાયદાની કલમ–૪(૧) ડી થી થયેલ જોગવાઈ હેઠળ અસરકર્તાને જાહેર સત્તા મંડળે લીધેલ નિર્ણય કે અર્ધન્યાયિક નિર્ણયોના કારણો આપવાનું આદેશાત્મક છે. તે ધ્યાને લેતાં પણ અરજદારે માંગેલી નામફેરની પ્રક્રિયાના કારણો અને કાગળો આપવા પાત્ર થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે બાબત હેઠળની મિલ્કત અંગે માત્ર નામફેરની પ્રક્રિયાને લગતા કચેરીના કાગળો અને રીપોર્ટની નકલ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નાનાલાલ મૂળચંદ બોરીવાલ